# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 24-06-2024 Midday : 1.20 to 1.30
Day : Monday National News

**આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.**

**************************************************

- ✓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ રાષ્ટ્રપતિ ભવનમાં ભર્તુહરિ મહતાબને 18મી લોકસભાના પ્રૉટેમ સ્પીકર તરીકે શપથગ્રહણ કરાવ્યા – શ્રીમહતાબે અન્ય સાંસદોને શપથ લેવડાવ્યા હતા
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમની સરકાર દેશની સેવા કરવા અને લોકોની આકાંક્ષાઓને પૂર્ણ કરવા સતત પ્રયાસ કરશે તેમ જણાવ્યું.
- ✓ નવીદિલ્હીમાં આજે મહત્વપૂર્ણ ખનિજ બ્લોક્સની હરાજીના ચોથા તબક્કાની શરૂઆત થશે.
- ✓ હવામાન વિભાગે આગામી પાંચ દિવસ સુધી દક્ષિણ ભારતમાં ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે.
- ✓ I.C.C. T—20 ક્રિકેટ વિશ્વકપમાં વેસ્ટ ઈન્ડીઝને હરાવી દક્ષિણ આફ્રિકા સેમિફાઈનલમાં પહોંચ્યું - ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે આજે સાંજે મેચ રમાશે

*********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PREZ PRO-TEM SPEAKER

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ રાષ્ટ્રપતિ ભવનમાં ભાજપ સાંસદ ભર્તુહરિ મહતાબને 18મી લોકસભાના પ્રૉટેમ સ્પીકર તરીકે શપથગ્રહણ કરાવ્યા હતા. આ પ્રસંગે ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ ઉપસ્થિત રહ્યા હતા. 18મી લોકસભાના પહેલા સત્રનો આજથી વિધિવત્ રીતે પ્રારંભ થયો છે.

લોકસભાના નેતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગૃહના સભ્ય તરીકે શપથગ્રહણ કરનારા પ્રથમ સભ્ય રહ્યા. પ્રોટેમ સ્પીકર ભર્તુહરિ મહતાબે શ્રી મોદીને શપથ લેવડાવ્યા હતા. ત્યારબાદ લોકસભાના નવા અધ્યક્ષની ચૂંટણી થાય ત્યાંસુધી લોકસભાની કાર્યવાહી ચલાવવામાં શ્રી મહતાબને મદદ કરવા માટે નિયુક્ત અધ્યક્ષની પેનલે પણ શપથ લીધા હતા.

ભાજપના સાંસદ રાધામોહન સિંહ અને ફગ્ગનસિંહ કુલસ્તેએ અધ્યક્ષની પેનલના સભ્ય તરીકે શપથગ્રહણ કર્યા. જ્યારે કૉંગ્રેસ સાંસદ કે. સુરેશ, D.M.K. સાંસદ ટી. આર.બાલુ અને તૃણમુલ કૉંગ્રેસના સુદીપ બંધોપાધ્યાયે પેનલના સભ્ય તરીકે શપથગ્રહણ ન કર્યા. ત્યારબાદ અમિત શાહ, રાજનાથ સિંહ, શિવરાજસિંહ ચૌહાણ, નીતિન ગડકરી, મનોહર લાલ, પીયૂષ ગોયલ, જિતનરામ માંઝી, રાજીવ રંજન, ડૉ. વિરેન્દ્ર કુમાર, કિરેન રિજીજૂ, ચિરાગ પાસવાન સહિતના લોકસભાના સાંસદોએ શપથ લીધા હતા. જ્યારે કેન્દ્રિય મંત્રી એચ. ડી. કુમારસ્વામી અને પ્રહલાદ જોષીએ કન્નડ, ધર્મેન્દ્ર પ્રધાન અને જુઆલ ઑરમે ઓડિયા, કેન્દ્રિય મંત્રી સર્વાનંદ સોનોવાલે આસામી અને કે. રામ મોહન નાયડુએ તેલુગુ ભાષામાં શપથ લીધા હતા.

આ સત્ર દરમિયાન બુધવારે નવા લોકસભાના અધ્યક્ષની ચૂંટણી યોજાશે. ત્યારબાદ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ગુરૂવારે સંસદમાં બંને ગૃહની સંયુક્ત બેઠક સંબોધશે. રાજ્યસભાના સત્ર ગુરૂવારે શરૂ થશે. સંસદ સત્ર આગામી 3 જુલાઈ સુધી ચાલશે.

--------------------------------

# LOKSABHA PM MODI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, વિકસિત ભારતના નિર્માણના સંકલ્પ સાથે 18મી લોકસભાના સત્રનો આજથી પ્રારંભ થયો છે. તેમની સરકાર દેશની સેવા કરવા અને લોકોની આકાંક્ષાઓને પૂર્ણ કરવા સતત પ્રયાસ કરશે. સત્ર પહેલા સંસદની બહાર પત્રકારોને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે, સરકાર ચલાવવા માટે બહુમતી જરૂરી છે, પરંતુ દેશ ચલાવવા માટે સર્વસંમતિ ખૂબ જ જરૂરી છે. તેમની સરકાર તમામને સાથે લઈને અને બંધારણની પવિત્રતા જાળવીને ઝડપથી નિર્ણયો લેવા માગે છે.

શ્રી મોદીએ કહ્યું કે, આઝાદી પછી પહેલી વખત લોકસભાના સાંસદોનો શપથગ્રહણ સમારોહ નવા સંસદ ભવનમાં યોજાઈ રહ્યો છે. શ્રી મોદીએ કહ્યું કે, વિશ્વની સૌથી મોટી મતદાન પ્રક્રિયા સારી રીતે પૂર્ણ થઈ છે. આઝાદી પછી બીજી વખત દેશની જનતાએ સતત ત્રીજી વખત સરકારને સેવા કરવાની તક આપી છે. શ્રી મોદીએ ઉમેર્યું કે, વિપક્ષ લોકતંત્રની ગરિમા જાળવી રાખે તેની આશા રાખીએ છીએ. જનતાને પણ સારા અને જવાબદાર વિપક્ષની આશા છે..

..................................

# MINES-AUCTION.rtf

નવીદિલ્હીમાં આજે મહત્વપૂર્ણ ખનિજ બ્લોક્સની હરાજીના ચોથા તબક્કાની શરૂઆત થશે. કેન્દ્રીય કોલસા અને ખાણ મંત્રી જી કિશન રેડ્ડી અને કોલસા અને ખાણ રાજ્યમંત્રી સતીશ ચંદ્ર દુબે તેની શરૂઆત કરાવશે. મંત્રાલયના

જણાવ્યા પ્રમાણે આમાં બે સૂચિત ખાનગી તપાસ એજન્સીઓને પ્રમાણપત્ર પણ આપવામાં આવશે.

મંત્રાલયે ઉમેર્યું છે કે ખનિજ સંસાધનોના નિષ્કર્ષની કાર્યક્ષમતા વધારવા અને તેને સક્ષમ ધાતુઓમાં રૂપાંતરિત કરવા માટે સ્ટાર્ટઅપ્સ, સંશોધન અને વિકાસ સંસ્થાઓને અનુદાન માટે મંજૂરી પત્રો આપવામાં આવશે. આ પ્રસંગે, સંશોધન લાયસન્સ ધારકો દ્વારા સંશોધન ખર્ચની આંશિક વળતરની પણ જાહેરાત કરવામાં આવશે. મંત્રાલયે કહ્યું કે દેશના આર્થિક વિકાસ અને ખનિજ સુરક્ષામાં ખનિજોની મહત્વપૂર્ણ ભૂમિકા છે.

.................................

# NEET

બિહાર પોલીસની આર્થિક ગુના પાંખ EOUએ જણાવ્યું છે કે, NEET-UG પરીક્ષાનું પેપર ઝારખંડના હજારીબાગમાંથી એક વ્યાવસાયિક આંતરરાજ્ય સંગઠિત ગેંગ દ્વારા લીક થયું હતું.

EOUએ કહ્યું કે, આ સંગઠિત ગેંગના 13 સભ્યોની SIT દ્વારા ધરપકડ કરવામાં આવી છે

તપાસ એજન્સીએ કહ્યું હતું કે પ્રવેશ પરીક્ષાની તારીખ પહેલા પ્રશ્ન પટના પહોંચ્યો હતો તે મૂળ હજારીબાગમાં મંડાઈ રોડ સ્થિત ઓએસિસ સ્કૂલ, કલ્લુ ચોકના પરીક્ષા કેન્દ્રનો હતો.

EOUએ કહ્યું કે, પેપર લીક કેસના બે મુખ્ય સૂત્રધારની ધરપકડ કરવામાં આવી છે. જેમાંના એક માસ્ટરમાઇન્ડ બલદેવ કુમાર ઉર્ફે ચિન્ટુની ગઈકાલે ઝારખંડના દેવઘરમાંથી ધરપકડ કરવામાં આવી હતી.

..................................

# HEALTH MINISTRY-FAKE NEWS

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે સામાજિક માધ્યમ પર મંત્રાલય દ્વારા વરિષ્ઠ નાગરિકોને નિઃશુલ્ક આરોગ્ય વીમા યોજના આપવાના દાવા કરતા સંદેશને ખોટો ગણાવ્યો છે. મંત્રાલયે કહ્યું કે, આવી કોઈ માહિતી આપવામાં નથી આવી.

..................................

# MID BREAK

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

---

# JAISHANKAR-PASSPORT

વિદેશ મંત્રી, ડૉ. એસ. જયશંકરે આજે 12મા પાસપોર્ટ સેવા દિવસ નિમિત્તે દેશ-વિદેશના તમામ પાસપોર્ટ સત્તાવાળાઓને શુભેચ્છા પાઠવી છે. સામાજિક માધ્યમથી ડૉ. જયશંકરે નાગરિક કેન્દ્રિત વિદેશ નીતિના ભારતના લક્ષ્યને આગળ વધારવામાં તેમના પ્રયાસોની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે વિદેશ મંત્રાલય પાસપોર્ટ સેવાઓને વધુ સમયસર, વિશ્વસનીય, સુલભ, નાગરિક-

મૈત્રીપૂર્ણ, પારદર્શક અને સુલભ બનાવવાની તેની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરે છે.

મંત્રાલયે ગત વર્ષે લગભગ 1 કરોડ 65 લાખ જેટલી પાસપોર્ટ સંબંધિત સેવાઓ આપી હતી. તેમણે વધુમાં નાગરિકોને ઘર આંગણે પાસપોર્ટની સુવિધા આપવા માટે મંત્રાલયે અત્યાર સુધીમાં 440 પોસ્ટઓફિસ પાસપોર્ટ સેવા કેન્દ્ર કાર્યરત કર્યા હોવાનું તથા 25 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં પાસપોર્ટ પોલીસ એપ શરૂ કરવામાં આવી છે, જે લગભગ નવ હજાર પોલીસ સ્ટેશનોને આવરી લેતી હોવાનું જણાવ્યું હતું.

..................................

# TN-FISHERMEN STRIKE

તામિલનાડુમાં, રામેશ્વરમના માછીમારો શ્રીલંકન નૌકાદળ દ્વારા પકડાયેલા 22 માછીમારોને મુક્ત કરવાની માંગણી સાથે આજે એક દિવસની હડતાળ પર ઉતર્યા છે. અગાઉ આ 22 માછીમારોને આંતરરાષ્ટ્રીય જળસીમામાં પ્રવેશવા બદલ શ્રીલંકાના નૌકાદળે ઘેરી લીધા હતા. તેમને જાફના કોર્ટમાં સોંપવામાં આવ્યા હતા. દરમિયાન તમિલનાડુના મુખ્યમંત્રી અને અન્ય રાજકીય પક્ષોના નેતાઓએ માછીમારોની મુક્તિ માટે જરૂરી કાર્યવાહી કરવા કેન્દ્રને અપીલ કરી છે.

..................................

# WEATHER NATIONAL

હવામાન વિભાગે આગામી પાંચ દિવસ સુધી દક્ષિણ ભારતમાં ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. જ્યારે ઉત્તરપ્રદેશ, બિહાર, ઝારખંડ અને ઓડિશામાં આગામી પાંચ દિવસ દરમિયાન વીજળીના ચમકારા અને ભારે પવન સાથે વરસાદ થવાની શક્યતા વ્યક્ત કરી છે.

દરમિયાન પૂર્વોત્તર ભારત અને પશ્ચિમ બંગાળમાં આગામી પાંચ દિવસ સુધી ભારે વરસાદની સ્થિતિ યથાવત્ રહેશે. આ સાથે આજે અને આવતીકાલે પશ્ચિમ ઉત્તરપ્રદેશ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને દિલ્હીના કેટલાક ભાગોમાં ભીષણ ગરમીની સ્થિતિ રહેવાની પણ સંભાવના છે.

.................................

# AMARNATHYATRA

વાર્ષિક અમરનાથ યાત્રા આગામી 29મી જૂનથી શરૂ થશે. જે અંતર્ગત જમ્મુ - કાશ્મીરમાં કાશ્મીર આરોગ્ય સેવાઓના નિયામક ડૉ મુશ્તાક અહેમદ રાથેરેએ ચંદનવાડી બેઝ કેમ્પ હોસ્પિટલથી શેશનાગ બેઝ કેમ્પ હોસ્પિટલ વચ્ચે આવતી બેઝ હોસ્પિટલમાં આરોગ્ય સંભાળ સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે આરોગ્ય સંભાળ સેવાઓની સરળ કામગીરી માટે જરૂરી સ્ટાફ, દવાઓ, સાધનો અને અન્ય સુવિધાઓની ઉપલબ્ધતાના સંદર્ભની સમીક્ષા પણ કરી હતી. શ્રી રાથેરેએ વિવિધ ફરિયાદો સાંભળી તેના નિરાકરણ માટે સંબંધિત અધિકારીઓને નિર્દેશ આપ્યા હતા.

.................................

# RUSSIA ATTACK

રશિયામાં બે ધાર્મિક સ્થળ પર બંદૂકધારીઓએ કરેલા હુમલામાં 15 જેટલા પોલીસ અધિકારીઓ, એક સુરક્ષા કર્મચારી અને એક પાદરીનું મોત થયું હોવાના અહેવાલ છે. જ્યારે છ હુમલાખોરો માર્યા ગયા છે અને પોલીસ અન્ય હુમલાખોરોની શોધ કરી રહી છે. જોકે હજુ સુધી કોઈ જૂથે આ હુમલાની જવાબદારી સ્વીકારી નથી. આ મામલે રશિયાની તપાસ સમિતિએ આતંકવાદીઓને શોધવાની કામગીરી શરૂ કરી છે.

..................................

# T20 WORLD CUP

I.C.C. T—20 ક્રિકેટ વિશ્વકપમાં આજે સવારે રમાયેલી સુપર એઈટની મેચમાં દક્ષિણ આફ્રિકાએ વેસ્ટ ઈન્ડીઝને ત્રણ વિકેટથી હરાવી સેમિ-ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. પહેલા બેટિંગ કરતા વેસ્ટ ઈન્ડીઝે 20 ઑવરમાં 8 વિકેટ ગુમાવી 135 રન બનાવ્યા હતા.

જવાબમાં દક્ષિણ આફ્રિકાની ટીમે 16.1 ઑવરમાં સાત વિકેટ ગુમાવી 124 રન બનાવ્યા. ત્યારબાદ વરસાદ શરૂ થઈ ગયો હતો. ડકવર્થ લુઈસ નિયમના આધારે દક્ષિણ આફ્રિકાને વિજેતા જાહેર કરવામાં આવ્યું. જ્યારે સુપર એઈટની અન્ય એક મેચ આજે રાત્રે 8 વાગ્યે સેન્ટલુઈસ ખાતે ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચે રમાશે.

..................................

# NEW-WOMEN-CRICKET.rtf

ભારતીય મહિલા ક્રિકેટ ટીમે ત્રીજી અને અંતિમ એક દિવસીય મેચમાં દક્ષિણ આફ્રિકાને છ વિકેટે હરાવી શ્રેણી ૩-0થી જીતી લીધી. ગઇકાલે બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં દક્ષિણ આફ્રિકાએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો.

ભારતની ઓલરાઉન્ડર દીપ્તિ શર્માએ 27 રનમાં બે વિકેટ લઈને દક્ષિણ આફ્રિકાની ટીમને 215 રન પર સીમિત રાખી હતી. ભારતની સ્મૃતિ મંધાનાએ માત્ર 83 બોલમાં 90 રન કરીને ભારતને આસાન જીત અપાવી હતી.

................................